# સારોલી પોલીસ મથકના PI સુપ્રીમ કોર્ટના હુકમને ઘોળીને પી ગયા !

**મહિલાની** સાંજથી રાત સુધી પૂછપરછ કરી અને મહિલા પોલીસને પણ હાજર રાખી નહીં

**મહિલા** દ્વારા હાઈકોર્ટમાં ગૃહ સેક્રેટરીથી શરૂ કરીને સુરતનો પો.કમિ. અને સારોલી પીઆઈ સામે તપાસની માંગ કરાઈ

સુરતઃ સુરતના સારોલી પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર એસ. આર. વેકરિયા અને તેમની ટીમને એક અરજીની તપાસમાં એવું શૂરાતન ચડી ગયું કે તે સુપ્રીમ કોર્ટના હુકમને પણ ઘોળી ને પી ગયા.

ગોડાદરા વિસ્તારમાં રહેતી અને સીમાડા નહેર પર પોદ્દાર ઇન્ટરનેશનલ સ્કૂલ પાસે અન્સ્ટાર્ક્ટ લોજિસ્ટિક કંપનીમાં કાર્યરત અંજુબેન સૂરસિંગભાઈ મંડોડિયાએ હાઇકોર્ટમાં સિવિલ અરજી નં.487થી એક અરજી કરી છે. જેમાં ગૃહ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી સંજીવકુમાર, સુરતના પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, સારોલીના પોલીસ ઇન્સ્પેક્ટર એસ.આર. વેકરિયા અને પોલીસ સબ ઇન્સ્પેક્ટર આર.બી. રાણા સામે કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી છે.

ઘટના કાંઈક એવી છે કે સારોલી પોલીસ મથકમાં તુલસીભાઈ વલ્લભભાઈ દેસાઇએ એક અરજી કરી હતી. જેમાં અંજુબેન મંડોડિયાની કંપનીએ તુલસીભાઈ સાથે રૂ. 14 લાખની છેતરપિંડી કરી હોવાની રજૂઆત હતી. તુલસીભાઈ ઓન લાઇન વસ્તુનું વેચાણ કરે છે. જેમાં જે વસ્તુ નબળી હોય અને પરત ફરી હોય તે આ કંપનીના કર્મચારીઓએ રફેદફે કરી દીધી હોવાનું અરજીમાં જણાવ્યું હતું. પોલીસ ઇન્સ્પેક્ટર એસ.આર. વેકરિયાના માર્ગદર્શન તળે ડ-સ્ટાફ પીએસઆઈ આર.બી. રાણાએ અંજુબેન મંડોડિયા સહિત આ કંપનીમાં કામ કરતા અન્ય કર્મચારીઓને જાવક નં. 100-2026થી તા. 10-2-2026ના રોજ નોટિસ પાઠવી બીજા દિવસે જવાબ રજૂ કરવા રૂબરૂ બોલાવ્યા હતા. આ ઘટનામાં અંજુબેન મંડોડિયાની પૂછપરછ સાંજે સાડા સાત વાગ્યાથી રાત્રે સાડા દસ વાગ્યા સુધી કરી હતી. એ વખતે ત્યાં મહિલા પોલીસ કર્મચારી હાજર ન હતા. આ વાતને ધ્યાને અંજુબેને હાઇકોર્ટમાં અરજી કરી છે. જેમાં ગઈ તા. 3-4-26ના રોજ પોસઈ રાણાએ હાઇકોર્ટ સમક્ષ એફિડેવિટ રજૂ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. અંજુબેન મંડોડિયા વતી સુરતમાં વકીલ હર્ષ વી. દોમડિયા અને હાઇકોર્ટમાં વિધિબેન જે. ભટ્ટ રોકાયા છે.

# ડોર ટુ ડોરની ગાડીઓ નહીં આવતાં મહિલાઓએ રસ્તા પર કચરો ઠાલવ્યો

**પાલનપોરમાં** ગાર્બેજ કલેક્શનની ગાડીઓની લાલિયાવાડીથી ત્રસ્ત મહિલાઓનો વિરોધ



સુરતઃ પાલનપુર વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની ગાડીઓની લાલિયાવાડીને કારણે રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. એક-એક સપ્તાહ સુધી ગાર્બેજ કલેક્શનની ગાડીઓ ન આવતી હોવાના આક્ષેપો વચ્ચે રોષે ભરાયેલી મહિલાઓએ રસ્તાની વચ્ચોવચ્ચ જ કચરો ઠાલવી વિરોધ વ્યક્ત કર્યો હતો. દરમિયાન સ્થાનિક કોર્પોરેટરોને ફરિયાદ કરવામાં આવી હોવા છતાં કોઈ સમસ્યાનું નિરાકરણ ન થતું હોવાનો આક્રોશ પણ સ્થાનિકોએ ઠાલવ્યો હતો. બીજી તરફ આગામી ચૂંટણી માટે ઉમેદવારોને સોસાયટીમાં પ્રવેશ અંગે પણ પ્રતિબંધ ફરમાવવાની સાથે સાથે ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

સુરત મહાનગરપાલિકામાં છેલ્લા ત્રણ દાયકાથી એકહથ્થુ શાસન ધરાવતા ભાજપને પહેલી વખત શહેરના વિવિધ વિસ્તારોમાં નાગરિકોના વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. ઠેકઠેકાણે સોસાયટીઓમાં નેતાઓ-કાર્યકરોનાં ચૂંટણી પ્રચાર અંગે પ્રવેશ નિષેધનાં બેનર્સે ભારે ચર્ચા જગાવી છે, ત્યારે હવે પાલનપુર ગામમાં આવેલી પાર્શ્વનાથ સોસાયટીમાં છેલ્લા ઘણા સમયથી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની ગાડીઓનાં ધાંધિયાને કારણે ગૃહિણીઓને સૌથી વધુ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. આ સિવાય ગાર્બેજ કલેક્શનમાં ફરજ બજાવતા કર્મચારીઓની દાદાગીરીથી પણ રહેવાસીઓ ત્રસ્ત થઈ ચૂક્યા છે. આ અંગે રહેવાસીઓ દ્વારા સ્થાનિક કોર્પોરેટરોને ફરિયાદ કરવા માટે ફોન કરવામાં આવતાં હોવા છતાં તેઓ ફોન ન ઊંચકતા હોવાની વ્યથા પણ ઠાલવી હતી. સ્થાનિક કોર્પોરેટરો દ્વારા સમગ્ર પ્રકરણમાં આંખ આડા કાન કરવામાં આવતાં શુક્રવારે રોષે ભરાયેલા સ્થાનિકો દ્વારા ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર સાથે રસ્તાની વચ્ચોવચ્ચ જ કચરો ઠાલવવામાં આવતાં વાહન ચાલકો પણ મૂંઝવણમાં મુકાયા હતા.

યુપી-બિહાર અને મધ્યપ્રદેશ જતા મુસાફરો માટે મોટી રાહત

# મુંબઈ, ઉધના, અમદાવાદથી વધુ 4 વિશેષ ટ્રેન ઉપડશે

**સુપરફાસ્ટ** અને અનરિઝર્વ્ડ ટ્રેનો જાન્યુઆરી-મે દરમિયાન કુલ 12 જેટલા ફેરાનું આયોજન

સુરતઃ ઉનાળાના વેકેશનમાં વતન તરફ દોટ મુકતા મુસાફરોના ભારે ધસારાને જોતા પશ્ચિમ રેલવે દ્વારા યુદ્ધના ધોરણે વધુ 4 ‘ટ્રેન ઓન ડિમાન્ડ’ (TOD) સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરાઈછે.

મળતી માહિતી મુજબ દક્ષિણ ગુજરાતમાં વસતા શ્રમિકો અને મુસાફરો માટે ઉધનાથી બે ખાસ ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ઉધના-સંતરાગાછી (09053/09054) ટ્રેન 22 કોચના અમૃત ભારત રેક સાથે 20 અને 25 એપ્રિલે દોડશે. આ ઉપરાંત, બિહાર માટે ઉધનાથી ટ્રેન નં. 09061/09062 અનરિઝર્વ સ્પેશિયલ 19 એપ્રિલે દોડાવવામાં આવશે, જે સંપૂર્ણપણે જનરલ કોચ ધરાવતી ટ્રેન હશે. તેવી જ રીતે મુંબઈ સેન્ટ્રલથી ઈન્દોર (09085/09086) વચ્ચે દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન સોમવાર અને શુક્રવારે ઉપડશે, જે એપ્રિલ અને મે દરમિયાન કુલ 12 ટ્રિપ્સ પૂર્ણ કરશે. આ ટ્રેન બોરીવલી, વાપી, સુરત અને રતલામ જેવા મુખ્ય સ્ટેશનો પર ઊભી રહેશે. તેવી જ રીતે, મુંબઈ-અમદાવાદ વચ્ચે ટ્રેન નં. 09087/09088 સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન દર બુધવારે મુંબઈથી ઉપડીને ગુરુવારે અમદાવાદ પહોંચશે. રેલવે પ્રશાસને તમામ સ્ટેશન માસ્ટરોને આ સ્પેશિયલ ટ્રેનોના સમયપત્રકની નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવા અને નિયમિત જાહેરાત કરવા આદેશ આપ્યો છે.

## ચૂભતી ગરમી મેં ઠંડક કા અહેસાસ...



■ શહેરના ખરવરનગર પાસે આવેલી ભાઠેના ખાડીના બ્રિજની નીચે પાણીની લાઈન તૂટી જતાં આ પાણીમાં ન્હાવાની મજા બાળકોએ માણી હતી. (તસવીરઃ સતીષ જાદવ)

## ભાઠેના ખાડીમાં યુવક કૂદી પડ્યો, ફાયર જવાને બચાવી લીધો

સુરતઃ શહેરના ભાઠેના વિસ્તારમાંથી પસાર થતી જીવનજ્યોત ખાડીમાં મોડી રાત્રે એક યુવક કૂદી ગયો હતો. જેથી બનાવને પગલે સ્થાનિક લોકો દ્વારા ફાયર બ્રિગેડ કંટ્રોલને જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનોએ ઘટના સ્થળે પહોંચી તેમને ખાડીમાંથી બહાર કાઢી ઈમરજન્સી એમ્બ્યુલન્સ 108 મારફતે સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. બનાવની વિગત એવી છે કે કંટ્રોલ વિભાગમાં રાત્રે 11:54 વાગ્યાના અરસામાં કોલ મળ્યો હતો કે તેના વિસ્તારમાં આવેલા જીવન જ્યોત ખાડીમાં ડેનિસ કેકની સામે એક યુવકે પાણીમાં ઝંલાવ્યું છે. ફાયરે તાત્કાલિક પાણીમાં કૂદી યુવકને બહાર કાઢ્યો હતો. જોકે યુવક અર્ધ બેભાન હાલતમાં હોવાથી તેમણે પોતાની ઓળખ જુનેદ ઉંમર વર્ષ 30 હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ફાયર બ્રિગેડના જવાનોએ 108 મારફતે હોસ્પિટલ ખસેડ્યો હતો.

# ૧૧ માસમાં જ પ્રેમલગ્નને કોર્ટમાં ‘નલ એન્ડ વોઈડ’ જાહેર કરાયાં

**અડાજણની** યુવતી અને અમરેલીના યુવકે હિન્દુ લગ્ન અધિનિયમ મુજબ સપ્તપદી અને મંગળફેરા અગ્નિની હાજરીમાં વિધિ કરી ન હતી

સુરતઃ પ્રેમસંબંધ ધરાવતાં યુવક-યુવતીએ વિદેશમાં જવા માટે વિઝામાં લગ્નના સર્ટિફિકેટની જરૂરિયાત પડતા માત્ર મંદિરમાં હારતોરા કરી મેરેજ સર્ટિફિકેટ મેળવ્યા બાદ આ કહેવાતા સંબંધમાં ખટાશ આવતાં માત્ર ૧૧ મહિનામાં જ લગ્ન નલ એન્ડ વોઈડ (પ્રથમથી જ રદ બાતલ) જાહેર કરવા અર્થે યુવતી અરજદારે ફેમિલી કોર્ટમાં દાખલ કરેલી અરજી ફેમિલી કોર્ટે મંજૂર કરી હતી.

અડાજણ વિસ્તારની યુવતીએ અમરોલીના યુવક વચ્ચે પ્રેમસંબંધ બંધાતાં તેઓએ વિદેશ કેનેડા જવા માટે વિઝાની પ્રોસેસ માટે તા.૧૬/૨/૨૦૨૩ના રોજ સાંઈ મંદિર અમલસાર ખાતે ફક્ત ફૂલોનો હાર એકબીજાને પહેરાવી લીધાં હતાં. તે જ દિવસે રજિસ્ટ્રાર ઓફ મેરેજીસ ગણદેવી ખાતે લગ્ન નોંધણી કરાવી હતી.

બાદ ટૂંકા સમયમાં બંને વચ્ચે મનમેળ નહીં જામતાં અને નાની મોટી બાબતે ઝઘડા શરૂ થયા હતા. અરજદાર યુવતીએ યુવકથી અલગ થવા માટે છૂટાછેડા માંગતાં યુવકે છૂટાછેડા આપવાની ના પાડી હતી. આ મામલો અડાજણ પોલીસ સ્ટેશને પહોંચતાં યુવક એકલો વિદેશ ચાલ્યો ગયો હતો. અરજદાર યુવતીએ વકીલ ટીના શર્મા મારફતે ફેમિલી કોર્ટમાં હિન્દુ લગ્ન અધિનિયમની કલમ-૧૧ હેઠળ લગ્ન પ્રથમથી જ રદ બાતલ જાહેર કરવા અર્થે અરજી દાખલ કરી હતી.

આ અરજીમાં તા.૧૬/૨/૨૦૨૩ના રોજ જે લગ્ન પક્ષકારોના માત્ર નોંધણી કરાવી છે તે ગેરકાયદે હોવાથી અને જરૂરી પૂર્તતા પક્ષકારોનાં લગ્નની વિધિ થયેલી ન હોવાથી પક્ષકારો તરફથી જે લગ્ન નોંધણી કરાવી છે તે લગ્ન પ્રથમથી જ અસ્તિત્વ ધરાવતા ન હોવાથી તે લગ્ન નોંધણી રદ કરવા અર્થે અને લગ્ન પ્રથમથી જ ગેરકાયદે હોવાનું જાહેર કરવા માટે વિનંતી કરી હતી. સામાવાળા કે તેના વકીલ હાજર નહીં થતાં ફેમિલી કોર્ટે અરજદાર યુવતીની અરજી મંજૂર કરી, હિન્દુ લગ્ન અધિનિયમની કલમ-૧૧ અન્વયે પ્રથમથી જ લગ્ન ગેરકાયદે અને રદ બાતલ હોવાનું જાહેર કરી તા.૧૬/૨/૨૦૨૩ના રોજ રજિસ્ટ્રાર ઓફ મેરેજીસ ગણદેવી ખાતેની લગ્નની નોંધણી રદ કરવાનો હુકમ કર્યો હતો.

# કોંગ્રેસની કાળાં કપડાં પહેરી ‘લોકશાહી બચાવો’ રેલી

**SOGના** અધિકારીઓ ભાજપના એજન્ટ હોવાનો આરોપ

સુરતઃ સુરતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટાણે ઉમેદવારી ફોર્મ ખેંચવાની પ્રક્રિયા બાદ રાજકીય માહોલ ગરમાયો છે, જેમાં કોંગ્રેસ દ્વારા પોલીસ તંત્ર અને સત્તાધારી ભાજપ વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે ‘લોકશાહી બચાવો’ રેલી યોજી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાની આગેવાનીમાં વનિતા વિશ્રામથી કલેક્ટર કચેરી સુધી યોજાયેલી આ રેલીમાં કાર્યકરોએ કાળાં કપડાં પહેરીને લોકશાહીના ચીરહરણનો આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસે સુરત પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ઉચ્ચ અધિકારીઓ પર સીધો પ્રહાર કરતા આરોપ લગાવ્યો છે કે 15 એપ્રિલના રોજ એસ.ઓ.જી.ના ડીસીપી રાજદીપ નકુમ અને પી.આઈ. સોનારા ભાજપના એજન્ટ તરીકે કાર્ય કરી રહ્યા હતા. પક્ષનો દાવો છે કે, આ અધિકારીઓએ સત્તાના જોરે ઉમેદવારોને ધાકધમકી આપી ફોર્મ પાછા ખેંચાવવા મજબૂર કર્યા છે, જે આદર્શ આચારસંહિતાનો ઉલ્લંઘન હોવાની સાથે લોકશાહીનું હનન પણ છે.

રેલી દરમિયાન વિપુલ ઉધનાવાલાએ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, એસ.ઓ.જી. જેવી મહત્ત્વની એજન્સીનું મુખ્ય કાર્ય આતંકવાદીઓ અને ડ્રગ્સ માફિયાઓ સામે લડવાનું છે, પરંતુ આ અધિકારીઓ રાજકીય એજન્ડા હેઠળ વિરોધ પક્ષના નેતાઓને નિશાન બનાવી રહ્યા છે. તેમણે એવો પણ સવાલ ઉઠાવ્યો હતો કે છેલ્લા ચાર-પાંચ વર્ષથી એક જ સ્થાને ફરજ બજાવતા અને પક્ષપાતી વર્તન કરતા આ અધિકારીઓની બદલી કેમ કરવામાં આવતી નથી?

આ મામલે કોંગ્રેસ દ્વારા રાજ્યપાલ, રાષ્ટ્રપતિ અને મુખ્ય ચૂંટણી કમિશનરને સંબોધીને કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે, જેમાં પક્ષપાતી અધિકારીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની તેમજ તેમની અન્યત્ર બદલી કરવાની માંગ કરવામાં આવી છે. કોંગ્રેસે એસ.ઓ.જી.ના વિસર્જન અને નવેસરથી પ્રસ્થાપિત કરવાની માંગણી સાથે નિષ્પક્ષ ચૂંટણી પ્રક્રિયા જાળવી રાખવા માટે જવાબદાર પોલીસ અધિકારીઓ સામે દાખલારૂપ કાયદેસરની કાર્યવાહી કરવા પર ભાર મૂક્યો છે.

## શહેરમાં અચાનક બેભાન થઈ જતાં બેનાં મોત

સુરતઃ શહેરમાં લાંબા સમયથી અચાનક બેભાન થવા અને છાતીમાં દુખાવો થયા બાદ મોત થવાના બનાવો વધી રહ્યા છે. મળેલી માહિતી મુજબ મૂળ દાહોદના દેવગઢ બારિયાના વતની અને હાલ લસકાણા વિસ્તારમાં રહેતા 35 વર્ષીય દિલીપ સુરસિંગ સવાયા ગુરુવારે સવારે લસકાણાના ડાયમંડનગર પાસે ડાયમંડ સ્કૂલના ગેટ નજીક પતરાં શેડ નીચે બેઠો હતો. ત્યારે તેની ત્યાં અચાનક તબિયત લથડતાં બેભાન થઈ ગયો હતો. જો કે, 108ને જાણ કરતા ત્યાં એમ્બ્યુલન્સ આવી તેના સ્ટાફે તેને મૃત જાહેર કર્યો હતો. બીજા બનાવમાં મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ઉત્રાણ બ્રિજ પાસે એસ.એમ.સી. આવાસમાં રહેતો 40 વર્ષનો દેવેન્દ્ર દિનેશ વર્મા રત્નકલાકાર તરીકે નોકરી કરતો હતો. ગુરુવારે બપોરે ઘરે અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. બાદ તે બેભાન થઈ જતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો.

સોના અને ચાંદીના ભાવોમાં નોંધપાત્ર ઘટાડો થતાં ગ્રાહકોમાં ઉત્સાહનો માહોલ

# અક્ષયતૃતિયા: મધ્યમ વર્ગ હવે 14 કેરેટ અને 9 કેરેટ જ્વેલરી તરફ વળી ગયો

**લાઇટ** વેઇટ જ્વેલરી તથા લેબગ્રોન ડાયમંડ જ્વેલરી પ્રત્યે ગ્રાહકોનો રસ વધતો જોવા મળી રહ્યો છેઃ નૈનેશ પચ્ચીગર

**સોના-ચાંદીના ભાવોની અપડેટ**

- સોનું 1,80,000 થી ઘટીને અંદાજે 1,54,000
- ચાંદી 4,00,000 થી ઘટીને 2,50,000 પ્રતિ કિલો
- લાઇટ વેઇટ જ્વેલરી અને લેબ ગ્રોન ડાયમંડમાં વધારો
- 14 કેરેટ અને 9 કેરેટ જ્વેલરી તરફ મધ્યમ વર્ગનો ઝુકાવ

સુરતઃ અક્ષય તૃતિયા પૂર્વે સોના અને ચાંદીના ભાવોમાં નોંધપાત્ર ઘટાડો અને સ્થિરતા જોવા મળી રહી છે, જે બજારમાં ખરીદી માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જી રહી છે.તાજેતરમાં સોનાના ભાવ ઊંચા સ્તરે પહોંચી અંદાજે 1,80,000 સુધી ગયા હતા, જે હાલ ઘટીને અંદાજે 1,54,000 સુધી આવ્યા છે. ચાંદીના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે, જે 4,00,000 થી ઘટીને લગભગ 2,50,000 પ્રતિ કિલો સુધી આવી પહોંચ્યા છે.

ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશનના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે, આ ભાવ ઘટાડો ગ્રાહકો માટે એક મહત્વપૂર્ણ તક તરીકે સામે આવ્યો છે. અક્ષય તૃતિયા જેવા શુભ મુહૂર્તને ધ્યાનમાં રાખીને બજારમાં ખરીદી માટે સકારાત્મક માહોલ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વર્તમાન સમયમાં લાઈટ વેઈટ જ્વેલરી તથા લેબગ્રોન ડાયમંડ જ્વેલરી પ્રત્યે ગ્રાહકોનો રસ વધતો જોવા મળી રહ્યો છે. સોનાના ઊંચા ભાવને કારણે મધ્યમ વર્ગના ગ્રાહકો હવે 14 કેરેટ અને 9 કેરેટ જ્વેલરી તરફ વધુ વળી રહ્યા છે.

ઉદ્યોગના દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો, “ચાંદી હવે મધ્યમ વર્ગ માટે આગામી સોનું બની રહી છે.”આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા, આ વર્ષની અક્ષય તૃતિયા જ્વેલરી ઉદ્યોગ માટે સકારાત્મક સાબિત થવાની પૂરી શક્યતા છે, જેમાં વેપારીઓ માટે સારો વ્યવસાય અને ગ્રાહકો માટે યોગ્ય મૂલ્ય પર ખરીદી બંને શક્ય બનશે. અક્ષય તૃતિયા પર સોનાં-ચાંદીમાં રોકાણ અને ખરીદી પરંપરાગત રીતે શુભ માનવામાં આવે છે. આ વર્ષે ભાવમાં ઘટાડાને કારણે આ શુભ અવસર વધુ લાભદાયી બની રહ્યો છે.

# લાલગેટમાં બિલ્ડરને ધમકી આપી રૂપિયા ખંખેરનાર સામે ગુનો

**બાંધકામ** તોડાવી નાંખવાની ધમકી સાથે વિડીયો વાયરલ કરવાની ધમકી આપી હતી

સુરતઃ લાલગેટ વિસ્તારમાં એક બિલ્ડર પાસેથી બાંધકામ તોડાવી નાખવાની ધમકી આપી રૂપિયા પડાવવાના મામલે ભોગ બનનારની ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે ખંડણીનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

લાલગેટ વિસ્તારમાં રાણી તળાવ ખાટકીવાડ પાસે બાગ એ મદીના ખાતે રહેતા રઈશ મોહમ્મદ રફીક શેખ, જે બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેમના સાથે ધમકી અને ખંડણીનો બનાવ સામે આવ્યો છે. તેઓ હાલમાં લાલગેટ વિસ્તારમાં સુફી હોસ્પિટલ સામે “ધી રોયલ પેલેસ” નામનું બાંધકામ કાર્ય કરી રહ્યા છે. ગત 11 એપ્રિલના રોજ બપોરના સમયે મુગલીસરા વિસ્તારનો રહેવાસી રિઝવાન અબ્દુલરબ આઝાદ બાંધકામ સ્થળે આવ્યો હતો. ત્યાં પહોંચી તેણે બાંધકામના ફોટોગ્રાફ્સ લીધા અને ત્યારબાદ બિલ્ડર પાસે રૂપિયા બે લાખની માંગણી કરી હતી. આરોપીએ જણાવ્યું હતું કે જો માંગેલી રકમ નહીં અપાય તો તે ફોટાઓને ન્યૂઝ ચેનલમાં વાયરલ કરી દેશે તેમજ આરટીઆઈ કરી બાંધકામ તોડાવી નાખશે. લોખંડના સળિયા વડે હુમલો કરી હાથ-પગ તોડી નાખવાની ધમકી આપી આરોપીએ બળજબરીથી રૂપિયા 10 હજાર લઈ લીધા હતા. ઘટના પછી પણ આરોપી દ્વારા વધુ રકમની માંગણી ચાલુ રાખવામાં આવતા અંતે રઈશ મોહમ્મદે લાલગેટ પોલીસમથકમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ફરિયાદના આધારે આરોપી રિઝવાન અબ્દુલરબ આઝાદ સામે ખંડણી, ધમકી અને બળજબરીના ગુનાઓ દાખલ કર્યા છે. પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અમદાવાદી ઘાંચી સમાજની મહિલાઓ દ્વારા હાઉઝી ના કાર્યક્રમ નું આયોજન



સુરતઃ અમદાવાદી ઘાંચી સમાજ વુમન્સ ક્રિએટિવ ક્લબ (નવું મંડળ) સુરત આયોજિત પ્રથમ કાર્યક્રમ ‘હાઉઝી વિથ નેહા દોશી’માં સમાજની 120 મહિલાઓએ ભાગ લીધો હતો અને હાઉઝીની મજા માણી હતી અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. સમાજમાં મહિલાઓ દ્વારા આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે સમાજની મહિલાઓને કમિટી સભ્યો દ્વારા જણાવવામાં આવ્યું છે.

### નંદુબા ઇંગ્લિશ એકેડેમીનું CBSE ધોરણ-10 પરિણામ 100 ટકા રહ્યું



સુરતઃ અલથાણ સ્થિત નંદુબા ઈંગ્લિશ એકેડમી શાળાએ CBSE ધોરણ-10માં 100 ટકા પરિણામ હાંસલ કરીને ગૌરવ મેળવ્યું છે. શાળાની હેમાંગી ડાયમા 96% સાથે પ્રથમ, વિશ્વવા પટેલ 92.20% સાથે દ્વિતીય અને છવી અગ્રવાલ 92% સાથે તૃતીય સ્થાને રહી છે. શાળાના પાંચ વિદ્યાર્થીઓએ A-1, નવ વિદ્યાર્થીઓએ A-2 અને સાત વિદ્યાર્થીઓએ B-1 ગ્રેડ મેળવ્યો છે. ટોપ ત્રણ વિદ્યાર્થિનીઓને ટ્રસ્ટી પંકજભાઈ ગિજુભાઈ પટેલ દ્વારા ફ્રી સ્કોલરશીપ અને કેશ પ્રાઇઝ આપી સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રિન્સિપલ ડો. મોનિકા શર્માની હાજરીમાં કાર્યક્રમ યોજાઈ વિદ્યાર્થીઓને અભિનંદન આપી ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

### સુરત પાસપોર્ટ ઓફિસ ખાતે પાસપોર્ટ સેવા માટે શનિવારે વિશેષ ડ્રાઈવનું આયોજન

સુરતઃ સુરત રિજનલ પાસપોર્ટ ઓફિસ (RPO) દ્વારા એપ્રિલ 2026 દરમિયાન વધતી માંગને ધ્યાનમાં રાખીને તા. 18 એપ્રિલ 2026, શનિવારે પાસપોર્ટ સેવા કેન્દ્ર (PSK) સુરત ખાતે વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે નોર્મલ પાસપોર્ટ માટેના એપોઇન્ટમેન્ટ સ્લોટ્સ ટૂંક સમયમાં પાસપોર્ટ સેવા વેબસાઈટ પર ઉપલબ્ધ કરાશે. જેમના એપોઇન્ટમેન્ટ આગળની તારીખે છે અથવા જેમણે અગાઉના એપોઇન્ટમેન્ટ ચૂકી દીધા છે, તેઓ પણ આ દિવસે માટે પોતાનું એપોઇન્ટમેન્ટ ફરીથી શેડ્યૂલ કરી શકશે. અરજદારોને જરૂરી દસ્તાવેજોની માહિતી માટે સત્તાવાર વેબસાઈટની મુલાકાત લેવાની તેમજ સમયાંતરે એપોઇન્ટમેન્ટ બુક કરવા માટે ચેક કરતા રહેવાની સલાહ આપવામાં આવી છે.

### નોન પ્રોફેશનલ વુમન ક્રિકેટ ટુર્નામેન્ટમાં મહિલા વકીલોએ ભાગ લીધો

સુરતઃ એલ. પી. સવાણી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે બે દિવસ સુધી રમાયેલી TCL નોન પ્રોફેશનલ વુમન ક્રિકેટનાં આયોજનમા શાઈનિંગ સ્ટાર્સ ટીમ વિજેતા, લેજન્ડ્સ ટીમ રનર અપ બની હતી. આ સિઝનમાં ભાગ લેનાર ટીમોમાં ચક દે, ધ લેજન્ડ ટીમ પ્રીતિ જોશી, પોલીસ ટીમ, શક્તિ ટીમ, શાઈનિંગ સ્ટાર્સ, ડોમિનેટર્સ, સ્ટેલર સ્ટ્રાઈકર્સ જેવી 8 ટીમોએ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો. ટૂર્નામેન્ટના ફાઇનલ મુકાબલામાં “શાઈનિંગ સ્ટાર્સ” ટીમે શાનદાર પ્રદર્શન કરીને ટ્રોફી પોતાના નામે કરી હતી. જ્યારે લેજન્ડ્સ ટીમ રનર અપ રહી હતી. ટીમ પ્રીતિ જોશીમાં કેપ્ટન સંગીતા ખૂટ, દિવ્યા કોસંબીયા, ફેની પટેલ, હેતલ, શીલા પટેલ, તૃપ્તિ ઠક્કર, છાયા ગોહિલ, સહિતના 12 મહિલા વકીલોએ ભાગ લીધો હતો. વિજેતા ટીમને ટ્રોફી અને ચેક નિમિષાબેન તથા એડવોકેટ પ્રીતિ જોશી હસ્તક અપાયાં હતાં.

### પ્રોગ્રેસ એલાયન્સની સુરતમાં મેગા મિટિંગ મળી



સુતઃ ઉદ્યોગસાહસિકોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત નોન-પ્રોફિટ સંસ્થા પ્રોગ્રેસ એલાયન્સ દ્વારા સુરતના સીમાડા સ્થિત હેપીનેસ બેન્ક્વેટ હોલ ખાતે મેગા મીટિંગ 2026નું સફળ આયોજન કરવામાં આવ્યું. સવારે 7થી 12 વાગ્યા સુધી યોજાયેલા આ ભવ્ય કાર્યક્રમમાં આશરે 2000થી વધુ ઉદ્યોગસાહસિકોએ ભાગ લીધો અને બિઝનેસ વૃદ્ધિ સાથે માનવીય મૂલ્યોના સમન્વય પર ઊંડું મંથન કર્યું. કાર્યક્રમમાં જીવન વિદ્યા મધ્યસ્થ દર્શનના પ્રબોધક સોમભાઈ ત્યાગી મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે માનવના “મેં” અને “શરીર” વચ્ચેનો તફાવત સમજાવતા જણાવ્યું કે બંનેની જરૂરિયાતો અલગ હોય છે અને સાચી ખુશી માટે આંતરિક પરિવર્તન જરૂરી છે. તેમણે સમજાવ્યું કે માત્ર પૈસા કે ભૌતિક વસ્તુઓથી સુખ મળતું નથી, પરંતુ મન, વૃત્તિ અને ચિત્તમાં બદલાવ લાવવાથી સાચો સંતોષ મળે છે.

### અન્યાય અને અત્યાચારીઓની સામે ધર્મનો જ વિજયનો વાવટો લહેરાય છેઃ પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મુંબઈ-મલાડ (પશ્ચિમ)ના સંઘવી દેવકરણ મુળજીના જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનના મોટા દેરાસરનાં શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભાને સંબોધતા કહ્યું હતું કે, પ્રભુભક્તિ દ્વારા વિશિષ્ટ શક્તિનું પ્રોડક્શન અંતરાત્મામાં થતું હોય છે. દુન્યવી તમામ શક્તિઓમાં ધર્મશક્તિ શિરમોર કક્ષાની છે. અમેરિકા, ઈરાન, ઈઝરાયેલ, ચીન અને પાકિસ્તાન પાસે સંહારક શક્તિ છે. કોઈનું કેવી રીતે આંચકી લેવું તે એમના લોહીના બુંદ-બુંદમાં પડેલું છે. સમગ્ર વિશ્વને હેરાન-પરેશાન કરવામાં આ લોકોને વધુ રસ છે. ભારતમાં પણ આવું માનસ ધરાવનારા કેટલાક તત્ત્વો દેખાઈ રહ્યા છે. છતાં પણ ભારતીય સંસ્કૃતિમાં ધર્મશક્તિનું વિશેષ પ્રાબલ્ય છે. ધર્મશક્તિ આગળ ભલભલાએ ઘુંટણિયા ટેકવવા પડે છે. અન્યાય અને અત્યાચારીઓની સામે ધર્મનો જ વિજયનો વાવટો લહેરાય છે. ધર્મની પ્રચંડ તાકાત છે. *અધર્મીઓ અને આતતાયીઓને પણ સીધાદોર કરી નાંખવાની તાકાત ધર્મની છે.

### સુરત જિલ્લામાં સિનિયર તરણ સ્પર્ધા માટે પસંદગી ટ્રાયલની જાહેરાત કરાઈ

સુરતઃ સુરત જીલ્લા એક્વેટીક એશોશિએશન દ્વારા સિનિયર વિભાગના તરણ ખેલાડીઓ માટે પસંદગી ટ્રાયલ યોજવાની જાહેરાત કરવામાં આવી છે. શહેર અને જિલ્લામાં વસતા પુરુષ તથા મહિલા ખેલાડીઓ માટે આ ટ્રાયલ તા. 27 એપ્રિલ 2026, સોમવારે સવારે 8:00 કલાકે રૂસ્તમપુરા સ્વિમિંગ પૂલ ખાતે યોજાશે. ટ્રાયલમાં ભાગ લેવા ઇચ્છુક ખેલાડીઓએ પોતાનું એન્ટ્રી ફોર્મ તા. 24 એપ્રિલ 2026 સુધીમાં ભરીને પરેશ સારંગને રૂસ્તમપુરા સ્વિમિંગ પૂલ ખાતે જમા કરાવવાનું રહેશે. પસંદગી પામનાર ખેલાડીઓને મે મહિનાના અંતિમ સપ્તાહમાં અમદાવાદ ખાતે યોજાનારી સિનિયર સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશિપમાં ભાગ લેવા તક મળશે.